ક્રમાંક :- ઉશિક/મકમ-૩/કોશમા/૨૦૨૦/૯૫૪૨૯-૧૫૯૯૨

ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
બ્લોક નં – ૧૨, બીજો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા.૧૮.૧૧.૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/બિનસરકારી અનુદાનિત કોલેજો,
તમામ.

વિષય :- કોરોનાની વૈશ્વિક મહામારીને કારણે ઉદભવેલ પરિસ્થિતિ અંતર્ગત પોસ્ટ લોકડાઉનમાં કોલેજો પુન: શરૂ કરવા બાબત.

સંદર્ભ :- શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક :- કરન/ ૧૦૨૦૨૦/ ૦૬૦૫૨૦૨૦/ ખ-૧, તા.૧૩.૧૧.૨૦૨૦.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, આગામી તા.૨૩.૧૧.૨૦૨૦ થી રાજ્યની સરકારી તેમજ બિનસરકારી અનુદાનિત કોલેજો સહિત ઉચ્ચ શિક્ષણની તમામ કોલેજોમાં અંતિમ વર્ષના (સેમેસ્ટર – ૫/૬) ના વિદ્યાર્થીઓ માટે ઓફલાઈન (ભૌતિક રીતે) શૈક્ષણિક કાર્ય શરૂ કરાવવાનું ઠરાવેલ છે. જેના અનુસંધાને કોલેજોને નીચેની બાબતોની તકેદારી સાથે વર્ગો શરૂ કરવા જણાવવામાં આવે છે.

- શિક્ષણ વિભાગના સંદર્ભદર્શિત ઠરાવ અને યુ.જી.સી.ની તા.તા.૦૫.૧૧.૨૦૨૦ ની ગાઈડલાઈન મુજબની સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
- વિદ્યાર્થીઓ માટે ઓફલાઈન (ભૌતિક રીતે) શૈક્ષણિક કાર્યમાં હાજરી આપવી સ્વૈચ્છિક રહેશે તથા તે માટે કોલેજોએ વિદ્યાર્થી અથવા વાલી પાસેથી સંમતિ પત્ર મેળવવાનું રહેશે. જે વિદ્યાર્થીઓ ક્લાસમાં ન જોડાય તેઓ માટે ઓનલાઈન અભ્યાસની વ્યવસ્થા કરવાની રહેશે.
- હાલ ફક્ત ફાઈનલ ઈયર (આખરી વર્ષ) ના વિદ્યાર્થીઓને ભૌતિક રીતે શિક્ષણ આપવાનું રહેશે. અન્ય વર્ગોમાં ઓનલાઈન અભ્યાસ ચાલુ રાખવાનો રહેશે.
- કોલેજના આચાર્યશ્રીઓએ સ્થાનિક પરિસ્થિતી તેમજ સુવિધાઓને ધ્યાનમાં રાખી ૫૦% - ૫૦% વિદ્યાર્થીઓ બોલાવવા કે ૧/૩ વિદ્યાર્થીઓની બેચ બોલાવવી તે અંગેના નિર્ણય લેવાના રહેશે.
- તા. ૨૨.૧૧.૨૦૨૦ સુધીમાં કોલેજ કેમ્પસની સુચારૂ રીતે સફાઈ કરી સેનેટાઈઝેશન કરાવવાનું રહેશે. ફેસ માસ્ક, હેન્ડ વોશિંગ અને સેનેટાઈઝેશન પોઈન્ટ્સ પુરતી સંખ્યામાં રાખવાના રહેશે.

સંક્રમિત થયેલ અથવા લક્ષણ ધરાવતા કોઈ વ્યક્તિ કેમ્પસમાં દાખલ ન થાય તેની કાળજી રાખવાની રહેશે.

- જે સ્થળે એક જ બિલ્ડીંગમાં એકથી વધુ શૈક્ષણિક સંસ્થાઓ કાર્યરત છે, તે તમામ આચાર્યશ્રીઓએ સાથે રહીને સુચારૂ વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

વધુમાં ભારત સરકારશ્રીના DOPT એ તૈયાર કરેલ કોવિદ-૧૯ અંગેના i-GOT પ્લેટફોર્મ પરના આરોગ્ય શિક્ષણના અભ્યાસક્રમો કે જે નિ:શુલ્ક છે, તે પણ કરવા વિદ્યાર્થીઓ અને સ્ટાફ મેમ્બર્સને પ્રોત્સાહિત કરવાના રહેશે.

તમામ કોલેજનાં આચાર્યશ્રીઓએ આ સાથે બિડાણ મુજબનું પત્રક – ૧ સહિ સિક્કા સાથે સદર કચેરીને તા.૨૧.૧૧.૨૦૨૦, શનિવાર બપોરે ૦૧:૦૦ કલાક સુધીમાં સદર કચેરીના ઈ-મેઈલ આઈ-ડી mkm.cont.jc-che@gujgov.edu.in પર મોકલી આપવાનું રહેશે.

નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા., ગાંધીનગર.

| પત્રક - ૧ | | |
|---|---|---|
| ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરીના તા.૧૮.૧૧.૨૦૨૦ ના પત્રનું બિડાણ | | |
| ૧ | કોલેજનું નામ | |
| ૨ | સ્થળ | |
| ૩ | તાલુકો | |
| ૪ | જિલ્લો | |
| ૫ | આખરી વર્ષના વિદ્યાર્થીઓની કુલ સંખ્યા | |
| ૬ | ક્લાસરૂમની સંખ્યા | |
| ૭ | કોલેજ ખાતે ઉપલબ્ધ થર્મલ ગનની સંખ્યા | |
| ૮ | કોલેજ ખાતે ઉપલબ્ધ સેનેટાઈઝેશન પોઈન્ટ્સની સંખ્યા | |
| ૯ | કોલેજ ખાતે હેન્ડવોશ માટેની સુવિધા છે ? | |
| ૧૦ | કોલેજ વિદ્યાર્થીઓને ગાઈડલાઈન મુજબ ૫૦%-૫૦% કે ૧/૩ ની બેચમાંથી કેવી રીતે બોલાવવા માંગે છે ? | |
| ૧૧ | જે વિદ્યાર્થીઓએ ઓફલાઈન (ભૌતિક રીતે) શૈક્ષણિક કાર્યમાં હાજરી ન આપી શકે તેમ હોય તેઓના માટે ઓનલાઈન વર્ગોની વ્યવસ્થા કરેલ છે ? | |
| ૧૨ | તા.૨૨.૧૧.૨૦૨૦ સુધીમાં કોલેજ ખાતે સેનેટાઈઝેશનની તેમજ સફાઈની સુચારૂ વ્યવસ્થા આપની કક્ષાએથી કરવામાં આવેલ છે ? | |